For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ સ્કૂલો માટે ગાઇડલાઇન જાહેર કરી

# હીટવેવના કારણે સ્કૂલો સવારની પાળીમાં ચલાવવા માટે આદેશ

**સ્કૂલોમાં** પંખા ચાલુ સ્થિતિમાં હોવા જોઈએ, ગરમીમાં ખુલ્લા મેદાનમાં થતી પ્રવૃત્તિઓ મોકૂફ રાખવી




(પ્રતિનિધિ) વડોદરા,તા.21

રાજ્યના અન્ય શહેરોની જેમ વડોદરામાં પણ હીટવેવ ચાલી રહ્યો છે અને તેના કારણે સ્કૂલોમાં અને ખાસ કરીને સીબીએસઈ સ્કૂલોમાં અત્યારે શિક્ષણ ચાલી રહ્યું છે. ત્યારે ડીઈઓ કચેરી દ્વારા તમામ સ્કૂલોને સવારની પાળીમાં ચલાવવાનો આદેશ આપ્યો છે.

સ્કૂલોને પરિપત્ર પાઠવીને ડીઈઓ કચેરીએ કહ્યું છે કે, સ્કૂલોના સમય એ પ્રકારે રાખવાનો રહેશે કે જેથી વિદ્યાર્થીઓ બપોર પહેલા ઘરે સુરક્ષિત પહોંચી જાય. સાથે સાથે શાળામાં પીવાના ઠંડા અને શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા કરવી. વર્ગખંડોમાં પંખા ચાલુ સ્થિતિમાં હોય તેની ખાતરી કરી લેવી, વિદ્યાર્થીઓને રિસેસ દરમિયાન કે સ્કૂલ છૂટે તે પછી તડકામાં નહીં ઉભા રાખવા. ગરમીના કારણે કોઈ વિદ્યાર્થીની તબિયત લથડે તો સ્કૂલોએ તેને પ્રાથમિક સારવાર મળે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. ડીઈઓ કચેરીએ ગાઈડલાઈનમાં કહ્યું છે કે, ખુલ્લા મેદાનમાં પ્રાર્થના સભા કે રમત ગમતની પ્રવૃત્તિઓ પણ હાલ પૂરતી મોકૂફ રાખવી અથવા તો છાંયડો હોય ત્યાં જ આ પ્રકારની પ્રવૃત્તિ કરવી. ગાઈડલાઈનનું પાલન નહીં કરનાર શાળાઓ સામે આકરા પગલા લેવામાં આવશે એવી સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે.

## 39.6 ડીગ્રી આકરી ગરમીએ નાગરિકો પરસેવે રેબઝેબ

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ઉનાળાના આકરા મિજાજ વચ્ચે વડોદરામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 39.6 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 26.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 42 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ, આ સપ્તાહના અંત સુધીમાં શહેરનું તાપમાન વધીને 42 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. જેના કારણે આકરી ગરમીનો સામનો કરવો પડશે. અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે આગામી 26 એપ્રિલે મતદાનના દિવસે પણ ગરમી 43 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા મતદારો અને કાર્યકરોને લૂથી બચવા સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. સાથે બપોરે 12થી 4 દરમિયાન કામ વગર બહાર નીકળવાનું ટાળવું. હળવા રંગના સુતરાઉ કપડાં પહેરવા અને બહાર જતી વખતે છત્રી, ટોપી કે રૂમાલનો ઉપયોગ કરવો.

### વજન ઘટાડવા વપરાતા ઈન્જેક્શનનું વેબસાઈટ મારફતે વેચાણ કરાતું હતું

# "માઉન્જારો ક્વિકપેન" ઈન્જેક્શનના ગેરકાયદે ઓનલાઈન વેચાણનો પર્દાફાશ

**ખોરાક** અને ઔષધ નિયમન તંત્રની કાર્યવાહી; મેડિકલ સ્ટોરનું લાયસન્સ કાયમી રદ, સંડોવાયેલા સામે ફોજદારી કાર્યવાહી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા દ્વારા જોખમી Mounjaro KwikPen ઈન્જેક્શનના ગેરકાયદેસર ઓનલાઈન વેચાણના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મદદનીશ કમિશનર આર. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ઔષધ નિરીક્ષકોની ટીમે 22 ડિસેમ્બર 2025ના રોજ હાથ ધરેલી સઘન તપાસ દરમિયાન સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન Hexpress Healthcare Consumer Pvt. Ltd. તથા Medicament Solutions Pvt. Ltd.ની શંકાસ્પદ ભૂમિકા સામે આવતા તંત્ર દ્વારા બંને સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મેદસ્વીતા ઘટાડવા માટે ઉપયોગમાં લેવાતા "માઉન્જારો ક્વિકપેન" ઈન્જેક્શનનું www.aktive.co.in વેબસાઈટ મારફતે ભ્રામક જાહેરાતો દ્વારા ગેરકાયદેસર વેચાણ કરવામાં આવતું હતું. અધિકારીઓએ બનાવટી ગ્રાહક બની ઓનલાઈન ઓર્ડર મૂકી પાર્સલ મેળવ્યા બાદ પંચનામું કરી કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસમાં ખુલ્યું કે સંકળાયેલા ઈસમો દ્વારા ડૉક્ટરની સલાહ કે માન્ય પ્રિસ્ક્રિપ્શન વગર જ દર્દીઓને સીધા ઘર સુધી કુરિયર મારફતે ઈન્જેક્શન મોકલવામાં આવતું હતું. દવાના ગંભીર આડઅસરો છુપાવી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવતાં હોવાનું પણ સામે આવ્યું છે.

ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના ભંગ બદલ Medicament Solutions Pvt. Ltd.નું લાયસન્સ તાત્કાલિક અસરથી કાયમી ધોરણે રદ કરવામાં આવ્યું છે. ઉપરાંત સંડોવાયેલા તમામ ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તંત્રએ ચેતવણી આપી છે કે "માઉન્જારો ક્વિકપેન" ઈન્જેક્શનનો તબીબી દેખરેખ વિના ઉપયોગ કરવાથી કિડની, પિત્તાશય અને સ્વાદુપિંડને ગંભીર નુકસાન થઈ શકે છે અને વધુ ડોઝ જીવલેણ સાબિત થઈ શકે છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે વજન ઘટાડવા જેવી બાબતો માટે સોશિયલ મીડિયા અથવા વેબસાઈટ પરની લોભામણી જાહેરાતોથી ભ્રમિત ન થવું અને કોઈપણ એલોપેથિક દવા હંમેશા નોંધાયેલ મેડિકલ સ્ટોર પરથી તથા નિષ્ણાત તબીબની સલાહ મુજબ જ ખરીદવી.

# RTOમાં ઈન્ટરનેટ ખોરવાતા ડ્રાઈવિંગ ટેસ્ટ માટે પહોંચેલા અરજદારો અટવાયા

**અઠવાડિયામાં** બીજી વખત ઈન્ટરનેટ ખોરવાયું, 433 એપોઈન્ટમેન્ટ રિ-શિડ્યુલ કરવી પડી



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા આરટીઓ કચેરી ખાતે ડ્રાઈવિંગ લાયસન્સ ટેસ્ટ માટે આવેલા અરજદારોને ફરી એકવાર નિરાશા સાથે પરત ફરવું પડ્યું હતું. જિસ્વાન ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઠપ થઈ ગઈ હતી. જેથી તમામ એપોઈન્ટમેન્ટ રિ-શિડ્યૂલ કરવી પડી હતી. કુલ 433 અરજદારો પર તેની અસર પડી હતી.જેમાં 259 ટુ-વ્હીલર અને 174 ફોર-વ્હીલર માટેની એપોઈન્ટમેન્ટ્સનો સમાવેશ થાય છે.

કાળઝાળ ગરમીમાં ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટ માટે વડોદરા દરજીપુરા સ્થિત આરટીઓ કચેરીએ પહોંચેલા અરજદારોને આજે ફરી એક વખત નિરાશ થઈ ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. જિસ્વાન ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઠપ થઈ જતાં આખો દિવસ ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી સંપૂર્ણ બંધ રહી હતી. સાંજ સુધી કનેક્ટિવિટી પુનઃસ્થાપિત ન થતાં અંતે તમામ એપોઈન્ટમેન્ટ રિ-શિડ્યુલ કરવી પડી હતી. આજે ટુ-વ્હીલર માટેની 259 અને ફોર-વ્હીલર માટેની 174 મળી કુલ 433 એપોઈન્ટમેન્ટ રિ-શિડ્યુલ કરવી પડી છે. આ તમામ અરજદારોને હવે અલગ અલગ દિવસે નવી એપોઈન્ટમેન્ટ આપવામાં આવી છે. પરંતુ ફરી આ જ સ્થિતિ ઊભી થશે કે કેમ તે અંગે અરજદારો ચિંતિત છે. માત્ર એક અઠવાડિયા પહેલાં જ આ જ જિસ્વાન ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યાને કારણે અરજદારો વીલા મોઢે પરત ફર્યા હતા. ત્યારે ફરી એ જ સ્થિતિ સર્જાતાં અરજદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સૌથી વધુ મુશ્કેલી તે અરજદારોને થઈ જેઓ વડસર, મકરપુરા, ગોધરા સહિત દૂર-દૂરના વિસ્તારોમાંથી લાંબુ અંતર કાપીને આવ્યા હતા. શિનોરથી 60 કિ.મી. અંતર કાપીને આવેલા એક અરજદારે વ્યથા ઠાલવી હતી કે, સવારથી આવ્યો છું, સાંજ સુધી રોકાયો. કામ શરૂ થશે એ આશાએ, પણ હવે ટ્રેક્ટર લઈને ખાલી હાથે પાછા જવાનો વારો આવ્યો છે. ફરી એપોઈન્ટમેન્ટ આપી છે, ત્યારે આવું ન થાય તો સારું. કામ ધંધો છોડીને આવ્યા હોવાથી મોંઘવારીમાં બહુ તકલીફ થાય છે.

### UIDAI ના કડક નિયમો બાદ મહત્વનો નિર્ણય

# જન્મના દાખલામાં નવા ફોર્મેટના ડિજિટલ સર્ટિફિકેટનો અમલ

**હવે** ઘરે બેઠા ઓનલાઇન ડાઉનલોડ કરી શકાશે ક્યૂઆર કોડવાળા દાખલા

(પ્રતિનિધિ) વડોદરા તા.21

રાજ્યના નાગરિકો માટે સરકારી દસ્તાવેજોની પ્રક્રિયામાં રાહતના સમાચાર સામે આવ્યા છે. આધારકાર્ડ, પાસપોર્ટ અને આયુષ્માન કાર્ડ જેવી સેવાઓ માટે જન્મ પ્રમાણપત્ર મેળવવામાં છેલ્લા કેટલાક સમયથી પડી રહેલી મુશ્કેલીઓ હવે દૂર થવા જઈ રહી છે. રાજ્ય સરકારે વર્ષ 2020 પછી જન્મેલા બાળકો માટે નવા ફોર્મેટના જન્મ સર્ટિફિકેટ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે, જેના કારણે હજારો પરિવારોને રાહત મળશે.

કેન્દ્ર સરકારના સેન્ટ્રલ સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) પોર્ટલને ફરજિયાત બનાવતા ટેકનિકલ સમસ્યાઓ ઊભી થઈ હતી. વર્ષ 2019 પહેલાનો ડેટા પોર્ટલ પર ઉપલબ્ધ ન હોવાને કારણે જૂના ફોર્મેટના દાખલા અમાન્ય ગણાતા હતા. UIDAI દ્વારા નવા ફોર્મેટના દાખલાની ફરજિયાત માંગને કારણે આધારકાર્ડ, પાસપોર્ટ અને આયુષ્માન કાર્ડ જેવી સેવાઓ અટવાઈ ગઈ હતી. પરિણામે નાગરિકોને વારંવાર કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા. સ્થાનિક તંત્રો પાસે જૂનો ડેટા હોવા છતાં CRS પોર્ટલ પરથી જ જનરેટ થયેલા QR કોડવાળા પ્રમાણપત્રોને જ માન્યતા આપવામાં આવતી હતી. આથી લોકો લાંબી લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા હતા. ખાસ કરીને બાળકોના શિક્ષણ અને સારવાર પર તેની સીધી અસર પડી હતી.

હવે સરકાર દ્વારા ડિજિટલ અને નવા ફોર્મેટના દાખલા સરળતાથી ઉપલબ્ધ કરાતા ઓનલાઈન અરજી અને ડાઉનલોડની સુવિધા મળશે. આ પગલાંથી નાગરિકોને રાહત મળશે અને વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા વધશે.

### મુખ્યમંત્રીના કોન્વોય દરમિયાન ટ્રાફિક રોકતાં ઝપાઝપી

# VVIP બંદોબસ્ત દરમ્યાન પોલીસકર્મી પર હુમલો, મહિલા સહિત 3 સામે ગુનો

**વીડિયો** બનાવી સસ્પેન્ડ કરાવવાની ધમકી પણ આપવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં મુખ્યમંત્રીના પ્રવાસ દરમિયાન ગોઠવાયેલા વીવીઆઈપી બંદોબસ્ત સમયે પોલીસકર્મી સાથે ગેરવર્તન અને હુમલાની ઘટના સામે આવી છે. મહિલા સહિત ત્રણ લોકોએ પોલીસ સાથે ઝપાઝપી કરી ધમકી આપતા સમા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

સમા પોલીસ સ્ટેશનમાં એ.એસ. આઈ અજીતસિંહ લક્ષ્મણસિંહ દ્વારા નોંધાયેલી ફરિયાદ મુજબ, મુખ્યમંત્રીના વડોદરા પ્રવાસને લઈને દુમાડ ચોકડી બ્રિજ નીચે ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અમદાવાદ એક્સપ્રેસ હાઈવે તરફથી આવતા વાહનોને રોકી કોન્વોય પસાર થાય ત્યાં સુધી વ્યવસ્થા જાળવવામાં આવી રહી હતી.

ગઈકાલે રાત્રે આશરે 9:26 વાગ્યે કંટ્રોલ રૂમ તરફથી બંદોબસ્ત સમાપ્ત થવાનો મેસેજ મળ્યા બાદ પણ પોલીસ દ્વારા નિયમ મુજબ વાહન વ્યવહાર સંભાળવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન હોન્ડા પેશન બાઈક પર સવાર એક વ્યક્તિએ પોલીસના ઈશારા છતાં વાહન ન રોકતા આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસ દ્વારા અટકાવતા બાઈક સવાર વ્યક્તિ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તેની સાથે રહેલા અન્ય યુવાન તેમજ ઈકો કારમાંથી ઉતરેલા બે મહિલા અને એક પુરુષે મળીને પોલીસકર્મી સાથે ઝપાઝપી કરી હુમલો કર્યો હતો.

ઘટનાની જાણ થતા અન્ય પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. એક આરોપીને તાત્કાલિક કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન ખસેડાયો હતો. દરમિયાન, એક મહિલાએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી પોલીસને સસ્પેન્ડ કરાવવાની ધમકી પણ આપી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના નામ કૌશિક બિપિન પટેલ, પ્રેમલ કૌશિક પટેલ અને ફાલ્ગુની કૌશિક પટેલ (રહે. ગણેશપુરા, તા. વાઘોડિયા) હોવાનું જણાવ્યું હતું. સમા પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### મતદારોના સવાલોથી બચવા ઢોલ-નગારાનો આશરો લેતા ઉમેદવારો

# ચૂંટણી પ્રચારમાં નીકળેલા વોર્ડ નં.7ના ઉમેદવારોને પ્રજાએ કહ્યું 'હિસાબ આપો'

**'પાંચ વર્ષમાં** રોડ-રસ્તા, ઉભરાતી ગટર અને પીવાના શુદ્ધ પાણી જેવી પાયાની સુવિધાઓ માટે અને વલખાં મારવા પડ્યા' : મતદારોનો રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.21

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે વડોદરાના વોર્ડ નંબર 7માં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ ભાજપના ઉમેદવારો ઢોલ-નગારા અને વિજયના વિશ્વાસ સાથે પ્રચારમાં ઉતર્યા છે, તો બીજી તરફ જાગૃત મતદારોએ તેમને આડે હાથ લેતા 'હિસાબ આપો'ની ઝુંબેશ છેડી છે. પ્રચાર દરમિયાન મતદારો અને ઉમેદવારો સામસામે આવી જતાં વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

સોમવારે સાંજે જ્યારે ભાજપની પ્રચાર રેલી વોર્ડ-7ના વિવિધ વિસ્તારોમાં ફરી રહી હતી, ત્યારે અનેક સોસાયટીના રહીશોએ ઉમેદવારોને અટકાવીને સીધા સવાલો કર્યા હતા. મતદારોનો મુખ્ય આક્ષેપ છે કે, "છેલ્લા પાંચ વર્ષમાં રોડ-રસ્તા, ઉભરાતી ગટર અને પીવાના શુદ્ધ પાણી જેવી પાયાની સુવિધાઓ માટે વલખાં મારવા પડ્યા છે. ચૂંટણી સમયે જ દેખાતા નેતાઓ અત્યાર સુધી ક્યાં હતા?"

સ્થાનિક રહીશોએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, જ્યારે અમે સમસ્યા લઈને ઓફિસે આવતા ત્યારે કોઈ સાંભળતું નહોતું, તો આજે કયા મોઢે મત માંગવા આવ્યા છો?

પ્રચાર દરમિયાન એક ચોંકાવનારી સ્થિતિ જોવા મળી હતી. જે જે સ્થળોએ મતદારો પ્રશ્નો પૂછવા આગળ આવતા હતા, ત્યાં પ્રચાર રેલીમાં સામેલ કાર્યકરો દ્વારા ઢોલ-નગારાનો અવાજ તેજ કરી દેવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. વિરોધ પક્ષો અને સ્થાનિકોનું કહેવું છે કે, સવાલોથી બચવા માટે નારાબાજી અને ઘોંઘાટનો સહારો લઈને જનતાના અવાજને દબાવવાનો આ હીન પ્રયાસ છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે વોર્ડ-7માં જોવા મળી રહેલી આ નારાજગી ભાજપ માટે ચિંતાનો વિષય બની શકે છે. અત્યાર સુધી જે બેઠકો સુરક્ષિત મનાતી હતી, ત્યાં જનતાનો આક્રોશ જોઈને હવે ઉમેદવારોએ પોતાની રણનીતિ બદલવાની ફરજ પડી રહી છે.

# માંજલપુર વિસ્તારમાં મોબાઇલની ચોરી કરનાર ગઠિયો ઝડપાયો

**પોલીસે** આરોપી પાસેથી 6 મોબાઇલ ફોન કબ્જે કર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં મોબાઈલ ચોરી કરીને ભાગેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. તેની પાસેથી 6 ચોરીના મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે સફળ કાર્યવાહી કરવામાં આવી હતી.

માંજલપુર પોલીસ સ્ટેશન દ્વારા વિસ્તારમાં મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા માટે સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દસ દિવસ અગાઉ માંજલપુર દરબાર ચોકડી નજીક આવેલી એક સોસાયટીમાંથી મોબાઈલ ફોન ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે તપાસ દરમિયાન પોલીસને બાહુબલી સર્કલ નજીક એક શંકાસ્પદ યુવક મળ્યો હતો. તેની તપાસ કરતાં તેના પાસેથી ચોરીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

વધુ પૂછપરછમાં આરોપીએ અન્ય પાંચ મોબાઈલ ફોન અંગે માહિતી આપી, જે પણ પોલીસે કબ્જે કર્યા હતા. તપાસમાં સામે આવ્યું કે આરોપી વડોદરા રેલવે સ્ટેશન પરથી ચાલતી લોકલ ટ્રેનોમાં મુસાફરોને નિશાન બનાવી મોબાઈલ ચોરી કરતો હતો. તે મુસાફરોની નજર ચૂકવી મોબાઈલ ઝૂંટવી લેતો અને ટ્રેન ધીમી પડતાં વચ્ચે જ ઉતરી જતો હતો. પકડાયેલા આરોપીની ઓળખ ધવલકુમાર ગોવિંદભાઈ પાટણવાડિયા (ઉ.વ. 20), રહેવાસી કલાલી વિસ્તાર તરીકે થઈ છે. તપાસમાં બહાર આવ્યું કે આરોપી સામે અગાઉ પણ અટલાદરા અને માંજલપુર પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાઓ નોંધાયેલા છે.આ મામલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### જીટીયુએ પરીક્ષા સહિતની કામગીરી માટે નવા વેતનના દરો જાહેર કર્યા

# 500 કિમીથી વધારે મુસાફરી માટે કુલપતિની મંજૂરી ફરજિયાત લેવી પડશે

**એક જ** શહેરમાંથી બે અધ્યાપકો પરીક્ષાની કામગીરી માટે એક જ સ્થળે જાય ત્યારે અલગ-અલગ ભથ્થા નહીં મળે

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓ, ઉત્તરવહી ચકાસણી સહિતની કામગીરીમાં સંકળાયેલા ફેકલ્ટી, આચાર્ય, ડીન, પરીક્ષકોને આપવામાં આવતાં દૈનિક ભથ્થા રેમ્યુનરેશનના સુધારેલા દરો જાહેર કરી દેવામાં આવ્યા છે. સામાન્ય ફેરફાર સાથે જાહેર કરવામાં આવેલા દરોમાં સૌથી મહત્વની વાત એ કે, 500 કિલોમીટર કરતાં વધારેની હવાઈ મુસાફરી કરતાં તમામે હવે કુલપતિની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

કેટલીક વખત અધ્યાપકોએ જુદી જુદી કામગીરી માટે 500 કિલોમીટર કરતાં વધારે દૂર જવું પડે છે. અત્યાર સુધી લાંબી મુસાફરીમાં અધ્યાપકો ફ્લાઈટમાં જતાં હતાં પરંતુ તેના માટે કોઈ ફરજિયાત મંજૂરી લેવાની જોગવાઈ કરવામાં આવી નહોતી. જેના કારણે કેટલીક વખત આ ભાડુ ચુકવવામાં અનેક પ્રકારની વિસંગતતા રહેતી હતી.

આ ઉપરાંત 50 કિલોમીટર સુધીની મુસાફરીમાં પર્સનલ કાર હોય તો પેટ્રોલના 11 રૂપિયા, ડીઝલના 10 રૂપિયા અને સીએનજીમાં 6 રૂપિયા પ્રમાણે ચુકવણી ઉપરાંત દૈનિક ભથ્થુ 200 રૂપિયા ચુકવવામાં આવશે. ટેક્સી ભાડે કરીને ગયા હોય તેવી સ્થિતિમાં વાસ્તવિક બીલ, જાહેર પરિવહનમાં વાસ્તવિક બીલ, ટુ વ્હીલરમાં કિ.મી. દીઠ 2.5 રૂપિયાની ચુકવણી કરાશે. આ તમામ ચુકવણી માટે મુસાફરીના યોગ્ય પુરાવાઓ રજૂ કરવાના રહેશે. કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિ પાસે સીએનજી કાર હોવા છતાં પેટ્રોલની માંગણી કરતાં હોય તેવી સ્થિતિમાં 75 કિલોમીટર સુધીમાં સીએનજીની સુવિધા ન હોય તેવી સ્થિતિમાં પેટ્રોલ પ્રમાણે ચુકવણી કરવામાં આવશે. એક જ શહેરના બે નિષ્ણાતો એક જ દિવસે એક જ કેન્દ્ર પર પરીક્ષાની કામગીરી માટે જાય ત્યારે એક જ કારનું ભથ્થું મળશે. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાની કામગીરીમાં મોટી સંખ્યામાં અધ્યાપકો, ફેકલ્ટીને સામેલ કરવામાં આવતાં હોય છે. આજ રીતે કોલેજની મંજૂરી માટે થતાં લોકલ ઈન્સ્પેક્શનમાં પણ અધ્યાપકોને જવાબદારી સોંપવામાં આવતી હોય છે. નવા નિયમોથી પારદર્શિતા વધશે અને બિનજરૂરી ખર્ચ પર અંકુશ આવશે.

### નવ આરોપીઓને રંગેહાથ પકડી લીધા

# રેલવેની જમીન પરથી ગેરકાયદે વૃક્ષો કાપી ચોરી કરનાર ઈસમો સામે કાર્યવાહી



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

રેલ્વે મિલકતના રક્ષણ હેઠળ એક મહત્વપૂર્ણ કાર્યવાહીમાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સની અંકલેશ્વર ટીમે રેલ્વે જમીન પર ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપવા અને ચોરી કરવામાં સંડોવાયેલા નવ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના કોસાડ અને ગોઠણગાંવ રેલ્વે સ્ટેશન વચ્ચે રેલ્વે જમીન પરથી વૃક્ષો કાપવા અને ચોરી કરવામાં આવી હોવાની માહિતી મળી હતી. અંકલેશ્વર ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને સ્થળ પર દરોડો પાડ્યો હતો. જેમાં નવ આરોપીઓને રંગેહાથ પકડી લીધા. ધરપકડ કરાયેલા વ્યક્તિઓ પાસેથી 21,985 કિલો વજન અને અંદાજિત કિંમત રૂ. 1,31,910 ની રેલ્વે બાવળના ઝાડનું લાકડું જપ્ત કરવામાં આવ્યું હતું. ચોરીમાં વપરાયેલા બે ટ્રક, એક ઈલેક્ટ્રોનિક કટર અને બે કુહાડીઓ પણ જપ્ત કરવામાં આવી છે. આરોપીઓ સામે 19 એપ્રિલના રોજ રેલ્વે મિલકત (ગેરકાયદેસર કબજો) અધિનિયમની કલમ 3 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. રેલ્વે સુરક્ષા દળ દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા નવ આરોપીઓમાંથી બે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે, જ્યારે બાકીના સાત આરોપીઓને માનનીય રેલ્વે કોર્ટે જામીન પર મુક્ત કર્યા છે. વડોદરા ડિવિઝનનું રેલ્વે સુરક્ષા દળ રેલ્વે મિલકતના રક્ષણ માટે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.

# ટેક્સ કન્સલ્ટન્ટની રજૂઆત બાદ એક દિવસની કરદાતાઓને મુદત અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

માર્ચ 2026 માટે જીએસટીઆર 3B ફાઈલ કરવાનો છેલ્લો દિવસ સોમવારે જીએસટીઆર પોર્ટલ બંધ રહ્યું હતું. જેના કારણે ગુજરાતભરના કરદાતાઓ ત્રણ દિવસની ટેકનિકલ ખામીઓ પછી રિટર્ન પૂર્ણ કરી શક્યા નહીં. જોકે, ટેક્સ કન્સલ્ટન્ટ અને એડવોકેટ દિપક અમીન દ્વારા આ અંગે નિર્મલા સીતારામન અને સંબંધિત વિભાગમાં મેલ મારફતે રજૂઆત કરતા તેની અસર વર્તાઈ હતી.

ગુજરાત ટેક્સ એડવોકેટ્સ એસોસિએશન દ્વારા કેન્દ્રીય નાણામંત્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ ના અધ્યક્ષ અને જીએસટીએન અધિકારીઓને એક રજૂઆત મોકલીને પોર્ટલને સુધારવા અને સમયમર્યાદા લંબાવવા વિનંતી કરવામાં આવી હતી. સંસ્થાએ જણાવ્યું હતું કે પોર્ટલ દિવસોથી ધીમું, અને બિનકાર્યક્ષમ રહ્યું છે, જેના કારણે રિટર્ન ફાઈલિંગ, નોંધણી અને અન્ય કાર્ય થઈ શકતા ન હતા. છેલ્લા કેટલાક દિવસોથી, પોર્ટલ યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી. કરદાતાઓ અને વ્યાવસાયિકો સતત પ્રયાસ કરી રહ્યા છે પરંતુ રિટર્ન ફાઈલ કરવામાં અસમર્થ છે. ટેક્સ કન્સલ્ટન્ટ અને એડવોકેટ દિપક અમીને જણાવ્યું હતું કે, સિસ્ટમ પોતે જ કામ કરતી ન હોય ત્યારે દંડ લાદવામાં આવે તો તે અન્યાયી છે. છેલ્લા કેટલાક દિવસોથી મોડી રાત સુધી ઓફિસમાં બેઠા છીએ. પોર્ટલ કાં તો હેંગ થઈ જાય છે અથવા લોગ આઉટ થાય. ગ્રાહકોને લાગે છે કે વિલંબ થઈ રહ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સિસ્ટમ ટેકો આપી રહી નથી. જો સમયમર્યાદા લંબાવવામાં નહીં આવે, તો ઘણા વાસ્તવિક કરદાતાઓ દંડ ચૂકવશે. જોકે , ટેક્સ કન્સલ્ટન્ટ દિપક અમીને મેઈલ મારફતે નિર્મલા સિતારામન અને સંબંધિત વિભાગમાં રજૂઆત કરતા એક દિવસ વધારાની મુદત આપવામાં આવી હતી. જેથી કરદાતા લેટ ફીના ડામથી બચી શક્યા હતા.

### નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુહાની કેલૈયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે જિલ્લામાં તૈયારીઓ તેજ, સમીક્ષા બેઠક યોજાઈ

**અધિકારીઓને** જવાબદારીપૂર્વક ફરજ બજાવવા સૂચના



(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેર અને જિલ્લામાં યોજાનારી વિવિધ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. આ સંદર્ભે સુહાની કેલૈયાના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન મતદાનના અગાઉના દિવસની કામગીરી, મતદાનના દિવસે અનુસરવાની પ્રક્રિયા તેમજ વિવિધ કમિટીઓમાં ફરજ બજાવનાર અધિકારીઓ અને કર્મચારીઓની જવાબદારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. દરેક તબક્કે આયોજન સુચારૂ રહે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ અધિકારીઓને મતદાનના દિવસે સમયપાબંધી જાળવી જવાબદારીપૂર્વક ફરજ બજાવવા અને ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ કામગીરી કરવાની ખાસ સૂચના આપી હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા કર્મચારીઓ તેમજ સંબંધિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારોને નિર્ભય, નિષ્પક્ષ અને સુવિધાજનક વાતાવરણમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.